# પ્રેસ નોટ

## તા.૨૬.૧૨.૨૦૨૪

**એ.સી.બી. ના ગુનામાં રાજકોટ મહાનગરપાલીકાના ચીફ ટાઉન પ્લાનર, મનસુખભાઈ ધનજીભાઈ સાગઠીયાનાઓની મિલકત્તો ટાંચમાં લેવાની મંજુરી આપતી રાજય સરકાર.**

રાજકોટ શહેર એ.સી.બી. પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૦૩/૨૦૨૪ ભ્ર.નિ.અધિ.સને-૧૯૮૮ (સુધારો-૨૦૧૮)ની કલમ-૧૩(૧)(બી) તથા ૧૩(૨) મુજબનો ગુન્હો દાખલ કરવામાં આવેલ હતો.

આરોપી મનસુખભાઈ ધનાભાઈ સાગઠીયા, ટાઉન પ્લાનીંગ ઓફીસર, વર્ગ-૧, રાજકોટ મહાનગર પાલીકાનાઓએ ફરજ દરમ્યાન પોતાના જાહેર સેવક તરીકેના હોદ્દાનો દુરૂપયોગ કરી ગેરકાયદેસર રીતે ધનવાન થવા માટે વિવિધ ગેરકાયદેસર રીત રસમો અપનાવી નાણાં મેળવી આશ્રિતોના નામે સ્થાવર/જંગમ મિલ્કતોમા રોકાણ કરી મનસુખભાઈ ધનાભાઈ સાગઠીયાએ પોતાની ફરજ દરમ્યાન કાયદેસરની આવકના દેખીતા સાધનોમાંથી થયેલ કુલ આવક રૂ.૩,૮૬,૮૫,૬૪૭/- ની સામે પોતાના તથા પોતાના પરિવારજનોના નામે કુલ રૂા.૨૮,૧૭,૯૩,૯૮૧/-નું સ્થાવર/જંગમ મિલ્કતોમાં રોકાણ ખર્ચ કરી પોતાના કાયદેસરના આવકના સ્ત્રોત કરતા કૂલ રૂા.૨૪,૩૧,૦૮,૩૩૪/- (અંકે રૂપિયા ચોવીસ કરોડ એકત્રીસ લાખ આઠ હજાર ત્રણસો ચોત્રીસ રૂપિયા પુરા) (+૬૨૮.૪૨%)નું અપ્રમાણસર સ્થાવર/જંગમ મિલ્કતોમાં રોકાણ/ખર્ચ પોતાની ફરજ દરમ્યાન ભ્રષ્ટ રીત રસમો અપનાવી, રાજય સેવક તરીકેના હોદાનો દૂરઉપયોગ કરી, ગુન્હાહીત ગેરવર્તણુક આચરી લાંચીયાવૃતીથી નાણાં મેળવેલ હોવાનું દસ્તાવેજી પુરાવા ઉપરથી જણાય આવેલ.

**આરોપી મનસુખભાઈ ધનજીભાઈ સાગઠીયાએ પોતાનાં તથા પોતાનાં પરીવારજનોનાં નામે વસાવેલ મિલકતો રૂા.૨૩,૧૫,૪૮,૨૫૬/- ની મિલકત ટાંચમાં લેવા માટે રાજય સરકારશ્રીનાં ગૃહ વિભાગમાં દરખાસ્ત કરવામાં આવેલ. જે દરખાસ્ત અન્વયે રાજય સરકારશ્રીનાં ગૃહ વિભાગ તરફથી મંજુરી આપવામાં આવતા, જે મંજુરી આધારે આરોપીની મિલકતો તાત્કાલિક ટાંચમાં લેવા કાર્યવાહી કરવામાં આવશે.**

------------------